

કેન્દ્ર સરકાર દ્વારા એગ્રો ધારક માટે લાઈસન્સ મેળવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. જેના લીધે પેસ્ટીસાઈઝ દુકાન ધારકોએ તાળા મારવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ચિલોડા વિસ્તારના વેપારીઓએ આ મામલે રોષની લાગણી વ્યકત કરી દુકાનો તેમજ ઓફીસો બંધ રાખીને આ પ્રક્રિયામાં સુધારો લાવવા પ્રબળ માંગ કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ)

# સરકારી આવાસોમાં ગેરકાયદેસર કબજો ધરાવતા પેન્શનરોના ખાતામાંથી ભાડાની વસુલી

**હાલ સરકારી આવાસોમાં વસવાટ અને ઉપયોગ અંગે પણ સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે**

ગાંધીનગર તા ૯

શહેરના સરકારી મકાનોમાં નિવૃતિ અને અવસાનના કીસ્સાઓ બાદ પણ વસવાટ ધરાવતા ગેરકાયદેસર કબજેદારો સામે તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવામાં આવે છે. જયારે કોર્ટ કાર્યવાહીના અંતે તંત્ર દ્વારા નિવૃતોના પેન્શનની રકમમાંથી પણ ભાડાની વસુલી કરવામાં આવી રહી છે.

શહેરમાં સરકારી મકાનોની ઘટ પ્રવર્તી છે. શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૩ હજાર જેટલા સરકારી મકાનો છે. જયારે હાલ આવાસોના મજબુતીકરણની કામગીરી પણ ચાલી રહી છે. જયારે સરકારી આવાસોની ફાળવણી માટે તંત્રના ચોપડે અરજદારોની પ્રતિક્ષા યાદી પણ મોટી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે સરકારી આવાસોમાં ગેરકાયદેસર કબજો હોવાના પણ અનેક કિસ્સા છે. તંત્ર દ્વારા આ સ્થિતિને ધ્યાને લઈ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. જયારે અગાઉ પણ આવાસોમાં નિવૃતિ કે અવસાનના કિસ્સા બાદ પણ ગેરકાયદેસર કબજો ધરાવતા કબજેદારોની સંખ્યા વધુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ દરમિયાન તંત્ર કક્ષાએથી કાર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેના અંતે આ મામલે ગેરકાયદેસર વસવાટ ધરાવતા કબજેદારો પાસેથી ભાડાની વસુલાતી કરવામાંઆવી રહી છે. જેમાં કેટલાક કિસ્સામાં પેન્શનરોના ખાતામાંથી સીધી રીતે જ ભાડાની બાકી રકમ વસુલવામાં આવતી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જ્યારે હાલ શહેરના સરકારી આવાસોમાં કર્મચારીઓના વસવાટ તેમજ આવાસોના ઉપયોગ સહીત કબજેદારોની યોગ્યતા ચકાસવા માટે પણ સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● જાહેર આરોગ્યની સેવાઓ અંગે સંશોધન કરવાના હેતુ માટે પબ્લીક હેલ્થ ફાઉન્ડેશનની એક ટીમ આજે ગાંધીનગર આવી હતી.

● ગાંધીનગર શહેરની વિવિધ પોસ્ટ ઓફિસોમાં જતા સિનીયર સિટીઝનો માટે લાઈનો લાંબી લાગતી હોવાથી બેસવાની સુવિધા મળે તેવી માંગ ઉઠી છે તેમજ સેવાઓમાં સુધાર લાવાવની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાના ચૂંટણી જંગમાં ૪૯ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે. આજે એક પણ ઉમેદવારીપત્ર પાછુ ખેંચાયુ નથી.

● શહેરની વિવિધ શાળા-મહાશાળાઓમાં હાલ શિક્ષણ ઉપરાંતના વિષયોને લઈ જુદા જુદા કાર્યક્રમો ચાલી રહ્યા છે.

● વિધાનસભાનું સત્ર મળવાનુ હોવાથી આજે સવારે કોંગ્રેસના ધારાસભ્યો અને સાંજે ભાજપના સભ્યોની બેઠકને પગલે આખો દિવસ રાજકીય બેઠકોથી ધમધમતો રહ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને સાંકળતી બસસેવા શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે.

# પેન્શનરોના મેડિકલ બીલ નવા ઠરાવના કારણે અટક્યા

**તબીબી નિયમો અંગેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નવા ઠરાવમાં અનેક વિસંગતતાઓ છે અને આ વિસંગતતાઓને દૂર કરવામાં ન આવતા પેન્શનરોના મેડિકલ બીલ અટક્યા છે**

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય ગાંધીનગરના ૨૪-૮-૨૦૧૫ નવા ઠરાવથી ગુજરાત સરકારના કર્મચારીઓ માટે તબીબી સારવારના નિયમો ૨૦૧૫ અન્વયે સુધારેલા હૂકમો બહાર પાડવામાં આવ્યા છે. આ નિયમો અગાઉ પેન્શનરોને મળવાપાત્ર દવાઓનો ખર્ચ માન્ય હોસ્પિટલ દ્વારા લેવામાં આવેલ ટ્રીટમેન્ટ માટે દરેક જિલ્લા તિજોરી કચેરી દ્વારા મંજુર કરવામાં આવતા હતા.

પરંતુ સરકારના ઠરાવ અન્વયે સુધારેલ હૂકમો થતાં દરેક જિલ્લા તિજોરી કચેરી તરફથી પેન્શનરોના મેડીકલ બીલો એક યા બીજા કારણોસર મંજુર કરવામાં આવતા નથી. આ અંગે જિલ્લા તિજોરી કચેરીનો અવાર નવાર સંપર્ક સાધતા તેમના તરફથી જણાવેલ છે કે તા. ૨૪-૮-૨૦૧૫ના ઠરાવમાં કેટલીક વિસંગતતા હોવાથી સરકાર પાસે જરૂરી સ્પષ્ટતાઓ માંગવામાં આવેલ છે. જે આવેથી બીલો મંજુર કરી પેમેન્ટ કરવામાં આવશે. છેલ્લા ઓક્ટોબર મહિનાથી બાયપાસ સર્જરી કે જે સરકારી હોસ્પિટલમાં કરાવવામાં આવેલ છે અને તેઓના સહિ સિક્કા થયા બાદ બીલો જિલ્લા કચેરી ગાંધીનગરને મંજુરી અર્થે મોકલેલ છે. જે આજ પર્યંત સુધી મંજુરી થઈ પેમેન્ટ થયા નથી. અને જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગર ખાતે પડતરમાં છે. આના કારણે પેન્શનરોને આર્થીક મુશ્કેલી અનુભવી પડે છે. જિલ્લા તિજોરી કચેરી તરફથી માંગવામાં આવેલ સ્પષ્ટીકરણ અંગે ઝડપથી કાર્યવાહી થાય તો લાંબાગાળાથી પેન્શનરના પડતર મેડીકલ બીલોના પેમેન્ટ અંગે તાત્કાલિક કાર્યવાહી થઈ શકે તેમજ તેઓ છેલ્લા ત્રણ ચાર મહિનાથી નાણાંકીય જે મુશ્કેલી અનુભવી રહેલ છે તેમાં પણ રાહત મળી શકે.



ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની પ્રાથમિક શાળાના બાળકોમાં સ્વચ્છતાની ટેવ પડે તે માટે યુવા અનસ્ટોપેબલ સંસ્થા દ્વારા સાબુની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે દહેગામ બ્રાન્ચ કુમાર શાળા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નવટરસિંહ રાઠોડ અને દહેગામ તાલુકાની શાળાના આચાર્યો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટનો સ્નેહ મિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા ગત ૭મી ફેબ્રુઆરીના રોજ સ્ટાફ ટ્રેનિંગ હોલ ચ-૫, સે-૧૭ ખાતે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આગામી વર્ષ ૨૦૧૭માં વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસને જનમત હાંસલ થાય તે માટે અત્યારથી જ કાર્યકરોને પ્રજા વચ્ચે જઈ કામગીરી કરવા પણ કોંગ્રેસના નેતાઓએ અનુરોધ કર્યો હતો.



આ સ્નેહમિલન સમારંભમાં શહેર જિલ્લા કોંગ્રેસના મુકેશભાઈ પટેલ, મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર જિલ્લા કોંગ્રેસ મહિલા પ્રમુખ ભાનુમતીબેન રોહિત, શહેર કોંગ્રેસ ચારેય સેલના ચેરમેન અનિલભાઈ શ્રીમાળી, ઈશ્વરભાઈ દેસાઈ, વિનોદભાઈ મેણાત તથા ઝોન પ્રમુખ તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ તેમજ નગરપાલિકાના કોર્પોરેટરો, તમામ કોંગ્રેસના હોદેદારો કાર્યકરો, મહિલા કોંગ્રેસ અગ્રણીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન ગુલાબખાન રાઉમા, નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ તેમજ વિક્રમ ખાચરે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે આગામી મહાનગર પાલિકાની તેમજ વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસનો વિજય થાય તે માટે અત્યારથી જ પ્રજા વચ્ચે જઈને કામગીરી કરવાની અનિવાર્યતા છે. કાર્યક્રમનું સંચાલન માયનોરીટીના વાઈસ ચેરમેન જયાબેન લાડે કર્યુ હતું જયારે યુસુફખાન પઠાણે આભારવિધિ કરી હતી.

# કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ ૧૨મીએ

ગાંધીનગર, તા. ૯

રાજ્યની પ્રથમ કામધેનુ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ આગામી તા. ૧૨મી ફેબ્રુઆરી-૨૦૧૬ને શુક્રવારના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે. રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષ પદે યોજાનાર આ સમારોહમાં ૮૭થી વધુ વિદ્યાર્થીઓને વિવિધ ફેકલ્ટીની ડિગ્રીઓ એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે તેમ કામધેનુ યુનિવર્સિટીના કુલસચિવશ્રીએ જણાવાયું છે.

આ સમારોહમાં કામધેનુ યુનિવર્સિટીના વેટરનરી તથા પશુપાલનના ડિપ્લોમાં તથા ડેરી ટેકનોલોજીના સ્નાતક વિદ્યાર્થીઓને પદવી તથા ડિપ્લોમાની ડિગ્રી એનાયત થશે. જેમાં યુનિવર્સિટી હસ્તકની ડેરી વિજ્ઞાન કોલેજ, અમરેલીના-૩૨, માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણાના-૨૫, વિદ્યાર્થીઓને બી.ટેક ડેરી ટેકનોલોજી તથા પોલીટીકનીક ઈન એનીમલ હસબન્ડરી, હિંમતનગરના-૩૦ વિદ્યાર્થીઓને વેટરનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરીની ડિપ્લોમાની ડિગ્રી એનાયત કરાશે. આ પ્રસંગે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના ડાયરેક્ટર જનરલ ડૉ. એસ. અય્યપ્પન ઉપસ્થિત રહી દીક્ષાંત પ્રવચન આપશે તેમ વધુમાં જણાવાયું છે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉત્તર પશ્ચિમ ક્ષેત્રના ભારતીય તટરક્ષક દળ-કોસ્ટગાર્ડના કમાન્ડર આઈ.જી. શ્રી વી.એસ. પાથનીયાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમણે કોસ્ટગાર્ડના નોર્થ-વેસ્ટ રિજીયનના કમાન્ડરનો પદભાર ગત પાંચમી જાન્યુઆરી-૨૦૧૬ એ સંભાળ્યો છે.

# રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા શિક્ષણની વિવિધ કેડરોની ખાતાકીય પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્ય પરીક્ષા બોર્ડ-ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરી-૨૦૧૬ દરમિયાન મદદનીશ શિક્ષણ નિરીક્ષકો, મદદનીશ શિક્ષકો તથા પંચાયત સંવર્ગના મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી(શિક્ષણ અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ માટેની ખાતાકીય પરીક્ષા લેવાનાર છે.

આ પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે સંબંધિત ઉમેદવારો માટે તા. ૪-૨-૨૦૧૬થી www.sebexam.org પરથી ઓનલાઈન હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે હોલ ટીકીટ વગરના ઉમેદવારોને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહિ જેની નોંધ લેવા રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

# પ્રદેશ ભાજપ દ્વારા સમર્પણ દિન, કિસાન જાગરણ સપ્તાહની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૯

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ જણાવેલ છે કે, ભારતીય જનતા પાર્ટી આગામી દિવસોમાં કેટલાક કાર્યક્રમો હાથ ધરશે. તા. ૧૧ ફેબ્રુઆરી પંડિત દીનદયાળજીની પૂણ્યતિથિ ''સમર્પણ દિન''ના કાર્યક્રમો રાજ્યના તમામ મહાનગરો અને જિલ્લાઓમાં હાથ ધરાશે. આ દિવસે વ્યાખ્યાનમાળાઓ, કાર્યશિબિરો અને અન્ય જનહિતના કાર્યક્રમો જે તે જિલ્લાઓમાં થશે. ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં વિવિધ જિલ્લાઓમાં ''કિસાન જાગરણ સપ્તાહ''ના કાર્યક્રમો તા. ૯ માર્ચથી ૧૫ માર્ચ સુધી એક સપ્તાહ દરમ્યાન હાથ ધરાશે. જેમાં કિસાન સંમેલનો અને અન્ય કાર્યક્રમો થશે.

૨૭ નગરપાલિકાઓની ચૂંટણીઓ ચાલી રહી છે ત્યારે સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને જે તે નગરપાલિકામાં વિવિધ જવાબદારીઓ સાથે કાર્યરત કરાયેલ છે. દરેક જિલ્લાના મુખ્ય આગેવાનો, કાર્યકર્તાઓને આ નગરપાલિકાઓની ચૂંટણીમાં પ્રચારની કાર્યવાહી સોંપવામાં આવેલ છે.

ભાજપના જિલ્લા-તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના નવા ચૂંટાયેલા સદસ્યો માટે આવતા માસમાં અભ્યાસ વર્ગના કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરાશે. આમ પ્રદેશ ભાજપા દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.



## ગુજરાતના કલાકારો દ્વારા મુખ્યમંત્રી આનંદીબેનનું અભિવાદન

મુખ્યમંત્રી શ્રીમતી આંદીબહેન પટેલે તાજેતરમાં જાહેર કરેલી ગુજરાતી ચલચત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ ૨૦૧૬થી ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગને મળનારા પ્રોત્સાહનો માટે આજે ૧૫ જેટલા પ્રતિઠિત કલાકાર-કસબીઓ, નિર્માતાઓએ ગાંધીનગરમાં તેમનું આભાર અભિવાદન કર્યું હતું. શ્રીમતી આનંદીબહનને ચલચિત્ર-નાટય જગતના સુપ્રસિધ્ધ અભિનેતા મનોજ જોષીના નેતૃત્વમાં મળેલા આ કલાકારો-કસબીઓ, નિર્માતાઓ, સંગીતજ્ઞો, નાટય લેખકો-વિવેચકોમાં શ્રી મીહિર ભૂતા શ્રી અભિષેક જૈન, સુશ્રી લાલિત્ય મુન્શા, શ્રી નરેશ કનોડિયા, શ્રી હિતુ કનોડિયા, શ્રી આશિષ કક્કડ, શ્રી મૃગાંક શાહ, સુશ્રી આરતી પટેલ, શ્રી અરૂણ રાજયગુરૂ, શ્રી ગૌરાંગ વ્યાસ, શ્રી વંદન શાહ, શ્રી અભિલાષ ઘોડા અને શ્રી મનીષ બરડીયાનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અને માહિતી પ્રસારણ સચિવશ્રી અજય ભાદૂ, સંયુકત સચિવશ્રી કે.એલ. પટેલ વગેરે આ વેળાઓ ઉપસ્થિત રહ્યા હતા.


